

**બાયડના વાત્રક પાસે એસટી બસ અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત**

અરવલ્લી જીલ્લાના મોડાસા કપડવંજ રોડ પર આવેલા વાત્રક નજીક બુધવારે ઝગડિયા-અંબાજી એસટી બસ અને કાર સામસામે ટકરાઈ જતા કારના આગળના ભાગનો કડૂચાલો વળી ગયો હતો. કારચાલક સહીત કારમાં બેઠેલ અન્ય એક વ્યક્તિના શરીરે ઈજાઓ પહોંચતા બંને ઈજાગ્રસ્તોને એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા. બસ અકસ્માત સર્જી રોડ સાઈડ પર ઉતરી જતા એસટી બસમાં સવાર ૩૫ મુસાફરોનો આબાદ બચાવ થયો હતો. અકસ્માતની ઘટનાની જાણ બાયડ પોલીસને થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી અકસ્માતના પગલે સર્જાયેલ ટ્રાફિક પૂર્વરત કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ કારમાં સવાર બે લોકો અને એસટી બસમાં મુસાફરી કરતા લોકોનો આબાદ બચાવ થતા રાહતનો શ્વાસ લીધો હતો.

# પાલનપુરમાં શ્રીફળના કોથળાની આડમાં લઈ જવાતો દારૂ ઝડપાયો

## જીપડાલા સહિત રૂપિયા ૫.૧૯ લાખનો મુદ્દામાલ કબ્જે લેવાયો

બનાસકાંઠા એલસીબી પોલીસે સોમવારે રાત્રે પાલનપુર નજીક એક પિકઅપ ડાલામાં શ્રીફળના કોથળાની આડમાં લઈ જવાતો વિદેશી દારૂનો જથ્થો ઝડપી લીધો હતો.

પાલનપુર નજીકથી વિદેશી દારૂ ભરેલું જીપડાલું પસાર થવાનું હોવાની બાતમીને આધારે એલસીબી પોલીસે સોમવારે રાત્રે જૂની આરટીઓ સર્કલ નજીક વોચ ગોઠવી હતી. દરમિયાન જીપડાલું નંબર જીજે.૦૮.ઈ. ટી.૬૪૭૪ આવતાં પોલીસે તેના ચાલકને ઉભા રહેવાનો ઈશારો કર્યો હતો. જોકે, તેને વાહન ભગાવી દીધું હતું. આથી પોલીસે પીછો કર્યો હતો. દરમિયાન ચાલક એરોમા સર્કલ નજીક ડાલું મૂકી નાસી. ગયો હતો. જ્યાં પોલીસે તપાસ કરતા અંદરથી શ્રીફળના કોથળાની આડમાં લઈ જવાતો રૂપિયા૧,૬૮,૦૦૦ની વિદેશી દારૂની ૪૨૦ બોટલો મળી આવી હતી. આ અંગે રૂ. ૧૪૦૦ના શ્રીફળ, રૂપિયા ૩,૫૦,૦૦૦નું જીપડાલું મળી કુલ રૂપિયા ૫,૧૯,૪૦૦નો મુદ્દામાલ કબ્જે લઈ નાસી છૂટેલા શખ્સને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યા છે.



**ધાનેરામાં ઠેર-ઠેર રેસિડેન્ટ પ્લોટમાં ઇંટો પાડવાનાં ધંધા ચાલી રહ્યાં છે**

ઉનાળો ચાલું છે ત્યારે પીવાનાં પાણીની તકલીફ પડી રહી છે ત્યારે ધાનેરામાં ઠેર-ઠેર સિમેન્ટની ઈંટો રેસિડેન્ટ વિસ્તારમાં વગર પરમિટે પાણીનો બેફામ ઉપયોગ થઈ રયો છે અને જયાં ત્યાં સર્વિસ સ્ટેશનો પણ ખોલવામાં આવેલ છે જે પંપો દ્વારા પાણી ખેચાઈ રહ્યું છે આવાં ધંધા અર્થે સરકારી પાણીનો ઉપયોગ કરી કાયદાનું ઉલ્લંઘન કરતાં આ સર્વિસ સ્ટેશનો તથા સિમેન્ટનાં ઈટવાડા પર નગરપાલિકા કાર્યવાહી કરશે તેવી લોકોની માંગ છે.

# પ્રાંતિજના પલ્લાચર ખાતે એક મકાનમાં આગ

## અડધી રાત્રે આગ લાગતા ભાગદોડ : શોર્ટ સરકીટના કારણે આગ લાગતા પતરા દોરીયા સહિત ઘાસપુળા બળીને ખાખ

પ્રાંતિજ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના પલ્લાચર ગામે શોર્ટશર્કિટના કારણે એક મકાનમાં મકાનના ઉપરના માળે શોટસકીટના કારણે આગ લાગતા અડધી રાત્રે ભાગદોડ મચી જવા પામી હતી. જોત જોતામાં આગે ઉપરના માળમાં ભરેલ ઘાસચારો તથા લાકડાના દોરીયા પતરાં સહિત લાખ્ખોનું નુકશાન થયુ હોવાનું જાણવા મલ્યુ છે. તો



અડધી રાત્રે આગ લાગતા જોતજોતામાં આગે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં ભાગદોડ મચી જવા પામી હતી અને આગમાં ધાસપુળો બળીને ખાખ થઈ જતાં લાખ્ખોનું નુકશાન થયું હતું.

પ્રાંતિજના પલ્લાચર ગામે મોટા વાસમાં રહેતા કનુભાઈ પશાભાઈ પટેલના મકાનમાં રાત્રીના બે કલાકે અચાનક ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં પ્રાંતિજ-હિંમતનગર ફાયરટીમને જાણ કરવામાં આવી હતી. મુકેશભાઈ, ગોપાલભાઈ સહિત ફાયર ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને તાબડતોડ પાણીનો માળો ચાલું કર્યો હતો. ગામજનો દ્વારા પણ ડોલો ડેગરીઓ વડે પાણી ભરી આગ હોલવવામાં લાગી ગયા હતા. આગના કારણે ઘટનાની જાણ પ્રાંતિજ પોલીસને થતાં તેવો પણ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. આગને લઈને કોઈ મોટી જાનહાની ના થતાં તંત્રએ પણ હાસકારો લીધો હતો. આગના કારણે નુકસાન થયેલ ખેડૂતને સરકાર અને તાલુકા પંચાયતમાંથી સરકારી સહાય મળે તેવું હાલ તો ગ્રામજનો જણાવી રહ્યાં છે.

## વેસ્ટર્ન રેલવે પ્રોજેક્ટ કોરીડર માટે

# જમીન સંપાદન મામલે ૩ ગામના ખેડૂતો લાલઘૂમ : આવેદનપત્ર આપ્યું

વેસ્ટર્ન રેલવે પ્રોજેકટ કોરિડોરના જમીન સંપાદન સામે ખેડૂતોનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. પાણીના ભાવે જમીન હડપ કરવાના આક્ષેપો સાથે આજે અસરગ્રસ્ત ત્રણ ગામના ખેડૂતો એ મામલતદારને આવેદન આપી આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારતા ચકચાર મચી જવા પામી છે.

પાલનપુર, આકેશણ અને સદરપુર ગામના ખેડૂતોએ જમીન સંપાદન મામલે આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારી હતી. અગાઉ રેલવે દ્વારા જમીન સંપાદન મામલે એવોર્ડ જાહેર કરાયો હતો. અને જાહેરનામું પ્રસિદ્ધ કરી ખેડૂતોની જમીન મફતના ભાવે સંપાદન કરવાની કાર્યવાહી કરી હતી. જોકે, આ મામલે ખેડૂતો હાઈકોર્ટ પહોંચ્યા હતા. જેમાં હાઈકોર્ટનો વ્યાજબી વળતર ચૂકવવાનો આદેશ છતાં રેલવે વિભાગ દ્વારા વળતર ચૂકવ્યા વિના બળજબરીથી જમીન સંપાદન થઈ રહી હોવાથી ત્રણ ગામના ખેડૂતોએ મામલતદારને આવેદનપત્ર પાઠવી વ્યાજબી વળતરની માંગ કરી હતી. અને માગણી નહિ સંતોષાય તો આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારી હતી. ત્યારે સંભવિત અનહોનીના પરિણામ માટે સરકારને તૈયાર રહેવાની ચીમકી ખેડૂતોએ ઉચ્ચારતા આ મામલો તુલ પકડે તેવી શક્યતાઓ વર્તાઈ રહી છે.

અગાઉ પણ જમીન સંપાદન મામલે રેલવે અને ખેડૂતો વચ્ચે વિરોધ થઈ ચૂક્યો છે. મફતના ભાવે જમીન લેવા માંગતા રેલવે તંત્રની માગણીઓ ખેડૂતોએ સ્વીકારી નથી. ત્યારે આગામી સમય માં રેલવે અને ખેડુતો વચ્ચે ગજગ્રાહ વધી શકે છે.

# પાલનપુર એસ.ટી. બસ સ્ટેન્ડ પર યુવતીના મોબાઈલની તફડંચી

## પોલીસ પોઇન્ટ હોવા છતાં અસામાજિક તત્વોને મળ્યું મોકળું મેદાન

પાલનપુર એસ.ટી. બસ સ્ટેન્ડમા બસમાં ચડી રહેલી યુવતીના મોબાઈલની તફડંચી થઈ



હતી. જોકે, પાલનપુર એસ.ટી.સ્ટેન્ડમાં પોલીસ પોઈન્ટ હોવા છતાં ઘણા સમયથી પોલીસ હાજર ન હોવા ની રાવ ઉઠી છે.

પાલનપુર એસ.ટી.બસ સ્ટેન્ડમા ઘણા સમયથી ચોરી અને તફડંચીના બનાવ વધી રહ્યા છે. જિલ્લા મુખ્યાલય પાલનપુરમાં હજારો મુસાફરોની અવર-જવર વચ્ચે એસ ટી સ્ટેન્ડમાં પોલીસ પોઈન્ટ છે. છતાં પોલીસ હાજર રહેતી નથી. જેને કારણે ચોરીના બનાવ વધ્યા છે. આજે પાલનપુર બસ મથકે મોબાઈલની તફડંચીનો બનાવ બન્યો હતો. પાલનપુર એસ.ટી.સ્ટેન્ડ પરથી કોલેજ જતી યુવતી બસમા ચડી રહી હતી. ત્યારે પાછળથી આવેલા ત્રણ ટાબરીયાની ગેંગે આ યુવતીના પર્સમાથી મોબાઈલની તફડંચી કરી ફરાર થઈ ગયા હતા.

જોકે તાત્કાલિક રજુઆત કરવા પહોંચેલી યુવતીને ફરજ પરના ટ્રાફિક કન્ટ્રોલરે માનવીય ભાષા મા વાત ન કરતા આખરે મોબાઈલ ચોરીની ફરિયાદ કરવા યુવતીને પોલીસ મથકે જવું પડ્યું હોવાનું પીડિત યુવતી જાગૃતિએ જણાવ્યું હતું.

પાલનપુર બસ સ્ટેન્ડ માં અવાર નવાર મોબાઈલ અને બાઈક સહિત અન્ય ચોરીઓ ના બનાવ બને છે. જોકે બસસ્ટેન્ડ માં પોલીસ પોઈન્ટ હોવા છતાં અહીં ઘણા સમયથી પોલીસ હજાર ન રહેતા તસ્કરો અને રોમિયોને મોકળુ મેદાન મળ્યું છે. ત્યારે જિલ્લા કલેકટરે આવી ગંભીર બાબત મા રસ દાખવી પોલીસ તંત્રનું ધ્યાન દોરવા માંગ ઉઠી છે.

# પ્રાંતિજ પાલિકા દ્વારા આ વર્ષે ગત વર્ષ કરતાં વેરા વસુલાતમાં વધારો

પ્રાંતિજ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ નગરપાલિકા





દ્વારા ગત વર્ષ કરતાં આ વર્ષે વેરા વસુલાતમાં આગળ નિકળી છે. આવનાર દિવસમાં વેરા બાકીદારો સામે લાલ આંખ કરવામાં આવશે.

પ્રાંતિજ નગરપાલિકા દર વર્ષ કરતાં આ વર્ષે મીલ્કતવેરા વસુલાત કરવામાં આગળ નિકળી છે. જેમાં વસુલાત સીમીતના ચેરમેન વણઝારા સીતાબેન ધૂળાજી, જતીનભાઈ જોષી, મહેશભાઈ ચૌહાણ, ચીન્ટુભાઈ દ્વારા આ વર્ષ પણ મિલ્કત વેરા વસુલાત કરવામાં આવી રહી છે. તો ગત વર્ષ કરતાં આ વર્ષે ૧-૪-૨૦૧૭ થી ૩૧-૩-૧૮ સુધી ૭૧૨૧૧૫૫ કુલ વેરા વસુલાત કરી છે અને ગત વર્ષ કરતાં આ વર્ષે બે ટકા વધારો થયો છે. હજુ નગરપાલિકા દ્વારા મિલ્કતવેરો નહી ભરનાર સામે આગામી દિવસોમાં કડક કાર્યવાહી હાથ ધરવાની હોવાનું જાણવા મળ્યું છે. મીલ્કતવેરો નહી ભરનાર સામે અગામી દિવસોમાં લાલ આંખ કરવામાં આવનાર છે અને આવનાર દિવસોમાં બાકીદારોને નોટીસ પાઠવીને સિલીગની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.

# પ્રાંતિજ ખાતે પ્રાંતિજ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘના ચેરમેન- વાઈસ ચેરમેન નિમાયા

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે આવેલ ધી પ્રાંતિજ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘના ચેરમેન-વાઈસ ચેરમેન માટેની ચૂંટણી યોજાઈ હતી. જેમાં ચેરમેન ખાતે આજે ચેરમેન અને વાઈસ ચેરમેનના અઢી વર્ષ પુર્ણ થતાં અઢી વર્ષ માટે નવા ચેરમેનને લઈને ચૂંટણી યોજાઈ હતી. જેમાં પ્રાંતિજ-તલોદના પ્રાંન્ત અધિકારી એ.આર. ચૌધરી



ઉપસ્થિત રહીને ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં ચેરમેન અને વાઈસ ચેરમેન પદના ઉમેદવાર માટે માત્ર એક-એક જ ઉમેદવારી ફોર્મ ભરાતા કોઈ ઉમેદવાર ના હોવાથી વિજય જાહેર કરવામાં આવ્યાં હતા. વાઈસ ચેરમેન માટે માત્ર એક એક ઉમેદવારી ફોર્મ ભરતાં ચૂંટણી અધિકારી દ્વારા ચેરમેન-વાઈસ ચેરમેનને બીન હરીફ જાહેર કરવામાં આવ્યાં હતા. પ્રાંતિજ ધી પ્રાંતિજ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ

# મહેસાણા જિલ્લામાં ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત વિવિધ દિવસોની ઉજવણી કરાશે

મહેસાણા જિલ્લામાં ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત રાજયના ઉચ્ચ અધિકારીના અધ્યક્ષ સ્થાને વિડીયો કોન્ફરન્સ યોજાઈ હતી. જે અંતર્ગત જિલ્લા કલેકટર એચ.કે. પટેલે બેઠક યોજી ગ્રામ સ્વરાજ અભિયાન કાર્યક્મની સમીક્ષા કરી હતી. મહેસાણા જિલ્લામાં ૧૪ એપ્રિલથી ૫ મે સુધી સામાજિક સંવાદિતા તથા અંતરીયાળ વિસ્તારના લાભાર્થીઓ સુધી યોજનાની વિગતો તેમજ ગ્રામ કક્ષાએ અમલીત યોજના થકી વિકાસ સાધવા માટે ગ્રામ સ્વરાજ અભિયાન હાથ ધરવામાં આવેલ છે. જેમાં ૧૪ એપ્રિલે સામાજિક ન્યાય દિવસ,૧૮ એપ્રિલે સ્વચ્છ ભારત દિવસ,૨૦ એપ્રિલે ઉજ્જવલા દિવસ,૨૪ એપ્રિલે રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ,૨૮ એપ્રિલે ગ્રામ શક્તિ અભિયાન દિવસ,૩૦ એપ્રિલે આયુષ્યમાન ભારત દિવસ, ૨ મે કિસાન કલ્યાણ દિવસ અને ૫ મેના રોજ આજીવીકા દિવસની ઉજવણી કરવામાં આવનાર છે.

મહેસાણા જિલ્લામાં યોજાનાર વિવિધ દિવસોની ઉજવણી માટે જિલ્લા કલેકટર એચ.કે. પટેલે વિવિધ સુચનો કર્યા હતા. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી મનોજ દક્ષિણી, નિવાસી અધિક કલકેટર રમેશ મેરજા સહિત જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### મનના ઉમંગો ● ચોથા પાનાનું ચાલું

ચા પીતા હશે !) ચાનો પહેલો ઘૂંટડો પીતા જ દિલ ખુશ થઈ ગયું. વાહ, શું ચા હતી ! હું તો આફરીન પોકારી ગયો. બસમાં જઈ અમારા સાથી મિત્રોને કહી આવ્યો કે નાસ્તો ના કરવો હોય તો ના કરશો પણ ચા જરૂરથી પીજો. મસ્ત ચા છે. સહુ પહેલાં મધુમામાએ ચા પીધી એમને મઝા આવી ગઈ. ઈશ્વરલાલ વળી મોળી ચા શોધવામાં પડ્યા એટલે એમને વાર થઈ.બીજા બેત્રણ જણાએ પણ આવી સરસ ચા પીધાનો આનંદ વ્યક્ત કર્યો. ખરેખર આખાયે પ્રવાસ દરમ્યાન ક્યાંય આવી જીભને યાદ રહી જાય એવા સ્વાદવાળી ચા ફરી વાર મળી નહીં. ત્યાં તો સમોસા તળાઈ ગયા હતા. બધાએ ગરમ લાહ્ય સમોસા ફૂંકી ફૂંકીને ખાધા. એ ય ભારે ટેસ્ટી હતા. ફરી ઉપરથી ચા પીધી. ખરેખર મઝા પડી ગઈ. સમોસાના એક નંગની કિંમત હતી પાંચ રુપિયા અને ચાનો ભાવ હતો દસ રૂપિયા ! વીસ રૂપિયામાં તો આયોજકને સાંજનું ભોજન પતી ગયું. આખા ભારતની વાત જવા દો. સોનીભાઈને તો આ રાતે અચ્છે દિન આવ્યા જ ગણાય.

જતાં જતાં ફરી એક વાર સીતામાતાને યાદ કરી લઈશું ? રામે સીતાનો ત્યાગ કર્યો એ બાબતે વાલ્મિકી ઋષિએ, તુલસીદાસે કે અન્ય કોઈ વિધ્વાનોએ શું શું કહ્યું એ બધી વાતો ભેગી કરીએ તો એક અદ્ભુત ગ્રંથ પ્રગટ થઈ શકે. પણ લોકોએ કહ્યું અને રામજીએ સીતામૈયાને ત્યાગ્યા ત્યારે આપણો લોકકવિ થોડો ચૂપ રહે ? એણે શું કહ્યું એ તમારે જાણવું જોઈએ. એણે તો આ એક જ મુદ્દા પર સર્વશક્તિમાન રામને એના ત્રાજવામાં સીતાજીને સામા પલ્લામાં મૂકીને તોળી લીધા. અને સર્જાયુ એક હૃદય વિદારક ભજન.

### ચોમાસાનો માહોલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નજીવા ફેરફારની સ્થિતિ જોવા મળી હતી. જોકે ત્યારબાદ ૨-૩ ડિગ્રીનો વધારો થઈ શકે છે.

રાજકોટથી પ્રાપ્ત અહેવાલ મુજબ વાતાવરણમાં આવેલા પલ્ટા વચ્ચે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં વરસાદ થયો હતો. સૌરાષ્ટ્રના ઉપલેટા અને હળવદમાં કરા સાથે વરસાદ પડ્યો હતો. હળવદમાં વીજળી પડવાથી બેના મોત થયા હતા. ઉત્તર ગુજરાતમાં ઉંઝામાં પણ ભારે વરસાદ થયો હોવાના સમાચાર મળ્યા છે. સૌરાષ્ટ્રમાં છેલ્લા ચાર દિવસથી બપોર બાદ વાતાવરણમાં પલ્ટો જોવા મળી રહ્યો છે. રાજકોટમાં પણ વરસાદી છાટા પડ્યા હતા. ઉપલેટામાં પવન સાથે ધોધમાર વરસાદ થયો હતો. મોરબી પંથકમાં પણ વરસાદ થયો છે. મોરબીના જ હળવદમાં વીજળી પડવાથી બે લોકોના મોત થયા હતા. રાજકોટના મોટાભાગના વિસ્તારોમાં વરસાદી છાંટા પડતા ગરમીથી લોકોને રાહત મળી હતી. ભરઉનાળામાં વરસાદી માહોલ જામતા ખેડૂત સમુદાયમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. ખેડૂતોના ઉનાળા પાકને નુકસાન થયું હોવાના અહેવાલ પણ મળ્યા છે. જુનાગઢમાં વરસાદના લીધે કેરીના પાકને નુકસાન થવાની શક્યતા છે. હળવદના મયુરનગર વિસ્તારમાં બપોરના સમયે વીજળીના કડાકા સાથે વરસાદ થયો હતો. આ ગાળા દરમ્યાન વીજળી પડવાથી બેના મોત થયા હતા. મૃતકોની ઓળખ કરી લેવામાં આવી છે. જેમાં એક મહિલા સીમાબેન તરીકે ઓળખાઈ છે. જ્યારે મેહુલ ઈશ્વરલા તડવી નામના છ વર્ષના બાળકનું પણ મોત થયું છે. બનાવની જાણ થતા ૧૦૮ની મદદથી તેમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં બંનેને મૃત જાહેર કરાયા હતા. બીજી બાજુ અમદાવાદ શહેરમાં આજે એકાએક બપોર બાદ વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને વરસાદી માહોલ જોવા મળ્યો હતો. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૮.૯ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૫.૮ ડિગ્રી નોંધાયું હતું. રાજ્યમાં ડીસા, અમરેલી, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં પારો આજે પણ ૪૦થી ઉપર રહ્યો હતો.

હવામાન વિભાગ દ્વારા ઉંચા તાપમાનને લઈને કોઈ ચેતવણી જારી કરવામાં ન આવતા તંત્રે રાહતનો દમ લીધો છે. વધતી ગરમી વચ્ચે સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં અમદાવાદ શહેરમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગના કેસો નોંધાઈ રહ્યા છે.આજે દિવસ દરમિયાન આંશિક વાદળછાયુ વાતાવરણ રહેતા લોકોને તીવ્ર તાપથી રાહત મળી હતી. પાણીજન્ય રોગના કેસોની વાત કરવામાં આવે તો એપ્રિલ મહિનાના માત્ર ૭ દિવસના ગાળામાં જ ઝાડા ઉલ્ટીના ૨૪૫, કમળાના ૫૩, ટાઈફોઈડના ૭૨ કેસ સપાટી ઉપર આવ્યા છે. એપ્રિલ ૨૦૧૭માં ઝાડા ઉલ્ટીના ૬૧૮ કેસ સપાટી ઉપર આવ્યા હતા.

### વિમાન ક્રેશ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સાધન લઈ જઈ રહ્યાં હતા. રશિયન સમાચાર વેબસાઈટ સ્પુતનિક ન્યૂઝ મુજબ ઘટના સ્થાનિક સમય મુજબ સવારે ૮ વાગ્યાની આસપાસ અલ્જેરિયન શહેર બ્લીદાના એરપોર્ટ પાસે થઈ છે. આ સ્થળ અલ્જેરિયાના બોઉફરિક પ્રાંતમાં આવેલું છે. – સોશિયલ મીડિયા ઉપર પણ તેને સંબંધિત અનેક વીડિયો શેર કરવામાં આવી રહ્યા છે. જેમાં દુર્ઘટનાગ્રસ્ત પ્લેનમાંથી નીકળતો ધૂમાડો અને આસપાસ એકત્ર રાહત બચાવ દળના લોકો જોવા મળી રહ્યા છે.

અલ અરેબિયા'ના મતે દુર્ઘટનાસ્થળ દેશની રાજધાની અલ્જીયર્સથી ૩૦ કિલોમીટર દૂર છે અને અકસ્માતમાં કોઈ પણ બચ્યું નથી. માનીએ તો મૃતકોની સંખ્યા ૨૫૭ને પાર પણ જઈ શકે છે. આ વિમાન દક્ષિણપશ્ચિમી અલ્જીરિયા માટે રવાના થયું હતું. ગલ્ફ ન્યૂઝના મતે પ્લેનમાં સૈનિકોની સાથે જ સૈન્ય સાધન લઈ જઈ રહ્યાં હતા. વિમાન સ્થાનિક સમય પ્રમાણે સવારે ૮ વાગ્યે ક્રેશ થયું. એરપોર્ટની તરફ આવતા તમામ રસ્તાઓ બંધ કરી દેવાયા છે જેથી કરીને ઈમરજન્સી સર્વિસીસમાં મુશ્કેલી પડે નહીં. જો કે અલ્જીરિયન મિલ્ટ્રી સૂત્રે સ્થાનિક ન્યૂઝ ચેનલને કહ્યું કે વિમાન અકસ્માતમાં કોઈ પણ બચી શકયું નથી.

### ખેડૂતો ચિંતાતુર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હવામાનમાં આવેલા એકાએક બદલાવને પગલે ખેડૂત પણ ચિંતાતુર બની ગયો છે.

ગુજરાતમાં અંગ દઝાડતી ગરમી એક બાજુ તોબા પોકારાવી રહી છે ત્યારે હવામાન વિભાગ દ્વારા રાહત મળે તેવા સમાચાર આપવામાં આવ્યા છે. જેમાં કેટલાંક વિસ્તારોમાં વરસાદ થવાની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. ખાસ કરીને દાહોદ, છોટાઉદેપુર, પંચમહાલના પંથકમાં વરસાદ થવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. જ્યારે હવામાન વિભાગ દ્વારા બે દિવસ પછી હીટવેવની આગાહી કરાતાં તાપમાનમાં બે ડીગ્રી સેલ્સિયસ જેટલો વધારો થવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગે આ ઉપરાંત જણાવ્યું છે કે ગુજરાતમાં બે દિવસ બાદ ગરમીનો પારો વધશે. બે દિવસ બાદ ૨ ડિગ્રી જેટલું તાપમાન વધશે. દરમિયાન આજે બુધવારે પાટણમાં પવન સાથે કમોસમી વરસાદ થયો હોવાના સમાચાર મળ્યા છે. મેઘાડંબર વચ્ચે પાટણ વિસ્તારમાં વરસાદી છાંટા પડતાં, વાદળછાયા વાતાવરણ વચ્ચે લોકોને ગરમીમાં થોડી રાહત મળી હતી.

### વરસાદી ઝાપટુ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સર્જાતા ગરમીનો પારો ગગડયો હતો. દિવસે બપોર દરમિયાન અચાનક જ વાદળિયુ વાતાવરણ સર્જાયુ હતુ. આકાશમાં વાદળો ઘેરાઈ આવ્યા હતા. જયારે વાદળિયા વાતાવરણના લીધે સુર્યપ્રકાશ પણ અદ્રશ્ય થઈ ગયો હતો. જયારે વાદળિયા વાતાવરણ સાથે સાંજ ઢળતા જ પવનની લહેરકી સાથે વરસાદના છાંટણા પડવાનુ શરૂ થઈ ગયુ હતુ. જો કે વરસાદી છાંટણા પડયા હતા. કેટલાક ઠેકાણે ભીની માટીની મહેંક પ્રસરી હતી. જયારે આકાશમાં વાદળોનો ઘેરાવો જોવા મળ્યો હતો. આકરી ગરમીની ઋતુમાં વાતાવરણ પલ્ટાથી ખેડુતો પણ ચિંતામાં મુકાઈ ગયા હતા. બીજીતરફ ગરમીનો પારો પણ નીચે ઉતરતા નગરજનોએ રાહત અનુભવી હતી.

### ટ્રીપીંગ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નાગરિકોએ મોટુ આર્થિક નુકશાન વેઠવાનો વારો આવ્યો હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે.

ગાંધીનગરમાં આકરી ગરમીની ઋતુમાં વિજપ્રવાહની માંગ વધે છે. વપરાશની સામે પુરતો વિજપુરવઠો ન મળવાના લીધે વિજલાઈનમાં ટ્રીપીંગની ફરિયાદોના લીધે ઓફિસ અને ઘરોમાં અદ્યતન ઉપકરણોને પણ નુકસાન થાય છે. સામાન્ય રીતે એસી ફ્રીઝ અને ટી વી સહીતના મોંઘા ઉપકરણો વિજપ્રવાહના સપ્લાયમાં કમી આવતા નુકશાની પામે છે. સેકટરોમાં મીટરો ખાખ થવાના પણ કીસ્સા છે. ત્યારે આમ નાગરિકોમાં પણ રોષ પ્રવર્તયો છે. ગત ઉનાળા દરમિયાન પણ સેકટરોમાં વિજ પ્રવાહના સપ્લાય સામે વપરાશ વધુ હોવાથી આ પ્રકારની તકલીફ વિશેષ હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. ટોરેન્ટ પાવર દ્વારા તગડા બીલની વસુલીના અંતે પણ આમ નાગરિકોને પર્યાપ્ત વિજપુરવઠો સપ્લાય કરવામાં આવતો ન હોવાનો રોષ પણ પ્રબળ બની રહયો છે. ગત વર્ષ દરમિયાન લાઈન અપગ્રેડ કરવાની સાથે લોડ વધારવા માટે પણ સંબંધિત તંત્રને વિશેષ અરજી મળી હતી. જયારે આકરી ગરમીમાં એ સીનો ઉપયોગ વધતા વિજવપરાશ પણ વધુ થાય છે. ત્યારે આ પ્રકારની ફરિયાદોને ડામવા માટે ત્વરિત પગલા લેવાય તેવી પણ માંગ ઉઠવા પામી છે. ગરમીની સિઝન હજુ આગામી મહીનામાં વધુ આક્રમક બનતા વિજપ્રવાહની માંગ પણ હજુ વધશે ત્યારે અગમચેતી દાખવી આ પ્રકારની ફરિયાદો નિવારવા માટે અનેક સ્થાનિક રહીશોને આર્થિક નુકશાન વેઠવુ ન પડે તે માટે યોગ્ય પગલા લેવાય તેવી પણ માંગણી ઉઠવા પામી છે.

### મેવાણીની ચિમકી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિરોધમાં તા.૧૪મી એપ્રિલે આંબેડકર જયંતિ નિમિતે ભાજપના કોઈપણ નેતાને બાબા સાહેબની પ્રતિમાને નહી સ્પર્શવા દેવા સાફ હાકલ કરી છે. મેવાણીની આ ચીમકીને લઈ રાજય પોલીસ તંત્ર અને વહીવટી તંત્રની ચિંતા વધી ગઈ છે. કારણ કે, જો ભાજપ નેતાઓ દ્વારા એ દિવસે આંબેડકર જયંતિ ઉપલક્ષ્યમાં બાબાસાહેબની પ્રતિમાને ફુલહાર કે સુતરની આંટી પહેરાવી કોઈ કાર્યક્રમ આયોજન કરાય તો, દલિત નેતાઓ અને કાર્યકરો સાથે ઘર્ષણની સ્થિતિ સર્જાઈ શકે. આવી ઘટનાઓ સર્જાય તો પણ ભારે સંયમ અને શાંતિ જાળવવા અત્યારથી જ પોલીસ તંત્રને સૂચનાઓ આપી દેવાઈ છે. ખાસ કરીને રાજયના ડીજીપી શિવાનંદ ઝાએ પરિસ્થિતિની ગંભીરતા ધ્યાને લઈ તા.૧૪મી એપ્રિલે તમામ પોલીસ કર્મચારીઓ-અધિકારીઓને તેમનું પોલીસ હેડકવાર્ટર નહી છોડવા અને એ દિવસે કોઈને પણ રજા નહી રાખવા કડક તાકીદ જારી કરી છે. ડીજીપીએ જો દલિતો સાથે ઘર્ષણ કે અનિચ્છનીય ઘટના ઘટે તો પણ પોલીસને ભારે સંયમતાથી વર્તવા સ્પષ્ટ તાકીદ કરાઈ છે. ખાસ કરીને બને ત્યાં સુધી લાઠીચાર્જ કે બળપ્રયોગ નહી કરવા તાકીદ કરાઈ છે કે જેથી વાત વધુ વણસે નહી. બીજીબાજુ, દલિત સમાજ તેમના લોકપ્રિય નેતા ડો.બાબા સાહેબ આંબેડકરની જયંતિની ઉજવણીને લઈ વિવિધ કાર્યક્રમો અને ઉજવણીનું આયોજન કરી રહ્યો છે, તેથી તે મામલે પણ તંત્ર દ્વારા તકેદારીના પગલા લેવાઈ રહ્યા છે.